**CR.M.A No. 286.2026.**

**–:: આંક – ૦૧ હેઠળ હુકમ ::–**

(૧) હાલની અરજી અરજદાર – **LAXMANBHAI KARSHANBHAI SABHANI** નાઓએ બી.એન.એસ.એસ. કલમ – ૪૯૭ તથા ૫૦૩ મુજબ ફ્રોડની રકમ પરત મેળવવા માટે કરેલ છે. આ કેસની ટુંકી હકીકત એવી છે કે, અરજદારના **STATE BANK OF INDIA, A/C. NO. 39830067393, IFSC CODE : SBIN0062207** બેંક ખાતામાંથી ફ્રોડથી રકમ વિડ્રો થયેલ છે અને અરજદારે સાયબર ફ્રોડ વિભાગમાં ફરીયાદ કરતાં ટીકીટ નંબર : **31110240159211** થી નોંધવામાં આવેલ અને તેના આધારે આંક ૧ ની અરજીમાં જણાવ્યા મુજબના **ક્રમ નંબર (૧) વાળા બેંક ખાતામાં અલગ અલગ રકમ** ફ્રીઝ કરવામાં આવેલી છે.

આમ, અરજદારે ઉપરોકત ફ્રીઝ કરવામાં આવેલ રકમ હાલની અરજી ધ્વારા પરત માંગેલ છે જે અંગે પોલીસ ઈન્સ્પેકટર, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, સુરેન્દ્રનગરનાઓનો અભિપ્રાય મંગાવતા પોલીસ અધિકારી ધ્વારા અરજદારશ્રીની ફ્રોડમાં ગયેલ નાણા સામાવાળાના શંકાસ્પદ બેંક એકાઉન્ટમાં ફ્રીઝ થયેલ છે જે બેંક ખાતા શંકાસ્પદ હોવાનું જણાય આવેલ છે અને સદરહું ખાતુ સીઝ કર્યા બાદ શંકાસ્પદ બેંક ખાતાધારકને દિન–૭ માં કોઈ રજૂઆત હોય તો અત્રે

સંપર્ક કરવા જણાવેલ હોવા છતાં ખાતેદાર કે અન્ય કોઇ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાદ કોઇ વાંધા તકરાર જણાવેલ નથી જેથી તે રૂ૦પીયા અરજદારશ્રીને પાછા આપવા અમારો અભિપ્રાય થાય છે. આમ, પોલીસ અધિકારી ધ્વારા અરજદારના તરફેણમાં અભિપ્રાય આપેલ હોય જેથી તે રકમ અરજદારની પરત કરવી ન્યાયી અને યોગ્ય જણાય છે જેથી આ અરજી હેઠળ શરતોને આધિન નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-// **<u>હુકમ</u>** //-

૧) હાલની અરજી મંજુર કરવામાં આવે છે. છે.

૨) **અરજીમાં જણાવેલ સામાવાળાના ક્રમ નંબર ૧ વાળા ખાતા અને તેમા રહેલી રકમ** સાયબર ક્રાઇમ પોલીસ ધ્વારા ફ્રીઝ કરવામાં આવેલ છે જે ફ્રીઝ કરવામાં આવેલ રકમ અરજદારના **STATE BANK OF INDIA, A/C. NO. 39830067393, IFSC CODE : SBIN0062207** માં ટ્રાન્સફર કરવા માટે સંબંધીત બેંકના બેંક મેનેજરશ્રીને આદેશ કરવામાં આવે છે.

૩) સામાવાળાના ખાતા ફ્રીઝ હોવાથી અરજદારના ખાતામાં રકમ ટ્રાન્સફર કરવા પુરતા એકટીવ-ચાલુ કરવાના રહેશે.

૪) આ હુકમની અમલવારી કરવા માટે પોલીસ ઇન્સ્પેકટર, સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન, સુરેન્દ્રનગરનાંઓએ અરજદાર તથા સામાવાળાની બેંક સાથે સંકલનમાં રહી હુકમની અમલવારી કરવી.

**<u>શરતો</u> ::–**

**૧.** અરજદારે સીઝ કરવામાં આવેલ રકમના દોઢી રકમના જાત જામીન (બોન્ડ) પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** અત્રેની અદાલત જયારે ફરમાવે ત્યારે અરજદારે નાણાં અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે.

**૩.** હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને યાદીથી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૬/૨૦૨૬
સ્થળ : સુરેન્દ્રનગર.

**( આર.વી.વૈશ્ય )**
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સ્પેશીયલ સીટીંગ મેજી.
સુરેન્દ્રનગર.